Date :- 07-03-2026

SPANDANA

પ્રતિ,.

પી.આઈ.સાહેબ,

સતલાસણા પોલીસ સ્ટેશન,

સતલાસણા,મહેસાણા,ગુજરાત -384330.

ફરીયાદી –

અલ્પેશભાઈ વણજારા રહે.- સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ લિમિટેડ,ઘર નં -445,446 ,વાવ ચોકડી,વાવ,સતલાસણા,મહેસાણા,ગુજરાત -384330. મો.- 7878987953/7984616091.

વિષય: સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ કંપનીના રૂપિયા લઈને ભાગી-ગયેલ ,તેમજ કંપની સાથે નાણાકીય છેતરપિંડી કરી વિશ્વાસઘાત કરવા બાબત.

મારુ નામ અલ્પેશભાઈ વણજારા રહે.- સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ લિમિટેડ,ઘર નં -445,446 ,વાવ ચોકડી,વાવ,સતલાસણા,મહેસાણા,ગુજરાત છે. હું છેલ્લા 1 વરસ થી સ્પંદના સ્ફુતિ ફાઇનાન્સ કંપનીમાં કામ કરૂં છું. હું સતલાસણામાં આવેલી શાખાના શાખા મેનેજર તરીકે ફરજ બજાવું છું. સ્પંદના સ્ફુર્તિ ફાઇનાન્શિયલ લિમિટેડ કંપનીને ભારતીય રિઝર્વ બેંક દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ છે. જેનો રજીસ્ટ્રેશન નંબર (N-09.00414) છે.જેની મુખ્ય ઓફિસ હૈદરાબાદ,તેલંગાણામાં છે. અમારી આ કંપની RBI ના નિયમો મુજબ કાર્ય કરે છે.

અમારી કંપની સ્પંદના સ્ફુર્તિ ફાઇનાન્શિયલ લિમિટેડ ગૃહ ઉદ્યોગો અને સ્વનિર્ભરતા માટે જરૂરિયાતમંદ બહેનોને ગ્રુપમાં લોન આપવાનું કામ કરી રહી છે. અને આ લોન આપવાની કામગીરી અમારી કંપનીના વિવિધ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. સૌથી પહેલા લોન માટે ગ્રાહકોના જરૂરી પુરાવા લોન ઓફિસર દ્વારા સ્વીકારીને અરજી કરવામાં આવે છે. ત્યારબાદ મંજુર થયેલ લોનના પુરાવાની તપાસની કામગીરી બ્રાન્ચ મેનેજર દ્વારા કરવામાં આવે છે . ત્યારબાદ તપાસ પૂરી થયા પછી ગ્રાહકોને શાખામાં બોલાવીને તેમનો દસ્તાવેજ બનાવીને ગ્રાહકોના બેંક ખાતામાં રૂપિયા નાખવામાં આવે છે. અમારી આપેલી લોન 2 વરસ સુધીની હોય છે અને તેના માસિક 24 હપ્તા આવે છે. હપ્તાની લેવડ દિવસ રોકડમાં કરવામાં આવે છે જે અમારા શાખાના લોન ઓફિસર દ્વારા ગ્રાહકોના ઘરે જઈને કરવામાં આવે છે .લોન ઓફિસર હપ્તાની ઉઘરાણી કરીને સાંજે દિવસ પૂરો થતા પહેલા ઓફિસેમાં હપ્તાના રૂપિયા જમા કરાવે છે. અને

SPANDANA

બ્રાન્ચ-મેનેજર આ રૂપિયાને એકઠા કરીને કંપનીના બેંક ખાતામાં જમા કરાવે છે. આ અમારી કંપનીમાં શાખાના લોન ઓફિસરની કામ કરવાની પદ્ધતિ છે.

અમો ફરિયાદીની ફરિયાદ એ છે કે....

અમારી સ્પંદના સ્ફુર્તિ ફાઇનાન્શિયલ લિમિટેડમાં કામ કરતા કર્મચારી 1) કલ્પેશભાઈ માસુરભાઈ ડાભી - SF0078181 નામે હતા. તેમનું કામ ગામડામાં બહેનોને આપેલી લોનના હપ્તા લાવીને તેનો હિસાબ રાખીને શાખામાં જમા કરાવવાનું હતું. સદર હકીકત એ છે કે આ ત્રણ ઈસમો અમારી શાખામાં છેલ્લા 6 મહિનાથી લઈને 1 વર્ષથી કામ કરતા હતા. ગત ત્રિમાસિક ઓડિટ દરમ્યાન તેમની ગ્રાહકો સાથેની લેવડ-દેવળમાં શંકા જતા ઓડિટ ટીમ દ્વારા વધુ તપાસ કરતા જણાઈ આવેલ છે કે તેમને ગ્રાહકોના હપ્તાના રૂપિયા પોતાના સ્વખર્ચ માટે વાપરીને કંપની માં જમા કરાવ્યા નથી . જેની રકમ કુલ 8820 રૂપિયા તેઓ ગ્રાહકોના હપ્તા લઈને આવ્યા છે પણ કંપનીમાં જમા કરાવ્યા નથી. આમ કંપનીએ તેમના પર ભરોસો રાખીને જે જવાબદારી આપી હતી તેનો દુરુપયોગ કર્યો છે તથા સાથે મળીને કંપનીને કુલ રૂપિયા 8820/- ( અંકે રૂપિયા આઠ હજાર આઠસો વીસ પુરા)નું નુકસાન કરેલ છે. તેમને વારંવાર જાણ કરવા છતાં તેઓ કંપનીના રૂપિયા જમા કરાવતા નથી અને નોકરી છોડીને ભાગી ગયેલ છે.

આમ અમારી કંપનીમાં કામ કરીને આમારી કંપની સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરી મોટાપાયે કંપનીનું આર્થિક નુકસાનં કરેલ હોવાથી તેમની વિરુદ્ધ કાયદેસર થવા મારી ફરિયાદ છે.

સ્પંદના સ્ફૂર્તિ ફાઇનાન્સિય લિમિટેડ.

SPANDANA SPHOORTY FINANCIAL LTD.
SATLASANA